જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । બુધવાર । તા. ૨૦-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છાપી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

દક્ષિણ ભારતમાં મજબૂત સાથી શોધવામાં ભાજપને સફળતા

તમિળનાડુમાં અન્નાદ્રમુક અને ભાજપ એકસાથે ચૂંટણી લડશે

લોકસભા અને રાજ્યવિધાનસભાની ચૂંટણી સાથે મળીને લડશે : તમિળનાડુમાં ભાજપને પાંચ સીટો મળશે : પીયુષ ગોયેલ તેમજ અન્યોને મળેલી સફળતા

ચેન્નાઈ

લાંબા સમયથી દક્ષિણ ભારતમાં મજબૂત સાથી પક્ષ તરીકેની શોધમાં રહેલા ભારતીય જનતા પાર્ટીને આખરે મોટી સફળતા મળી ગઈ છે. રાજયમાં સત્તારુઢ ઓલ ઈન્ડિયા અન્નાદ્રવિડ મુનેત્ર કઝગમ (અન્નાદ્રમુક) અને ભાજપે સાથે મળીને લોકસભા ચૂંટણી લડવાની જાહેરાત કરી દીધી છે. આની સાથે જ ભારતને ખુબ મોટો ફાયદો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. બંને પાર્ટીઓએ તમિળનાડુ અને પુડુચેરીમાં સાથે મળીને લોકસભા ચૂંટણી લડવાનો નિર્ણય કરી લીધો છે. ભાજપ અન્નદ્રમુક, પીએમકે અને અન્ય પક્ષો સાથે મળીને ગઠબંધનમાં પાંચ સીટો ઉપર ચૂંટણી લડશે.તમિળનાડુમાં તમામ ૩૯ સીટો માટે ગઠબંધન થયું છે. પુડુચેરીમાં એક સીટ માટે ગઠબંધન થયું છે. પાર્ટીઓ રાજયમાં વિધાનસભાની પેટાચૂંટણી પણ સાથે મળીને લડશે. આજે બપોરે ચેન્નાઈમાં બંને પાર્ટીઓની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી જેમાં આ અંગેનો નિર્ણય કરવામાંઆવ્યોહતો. તમિળનાડુમાં નવા રાજકીય સમીકરણો રચાવવાના સંકેત દેખાઈ રહ્યા છે. તમિળનાડુમાં ભાજપ ચૂંટણી ઈન્ચાર્જ અને રેલવેમંત્રી પીયુષ ગોયેલ, કેન્દ્રીયમંત્રી રાધાકૃષ્ણન, રાજયભાજપ પ્રમુખ સુંદર રાજન અને અન્યો દ્વારા અન્નાદ્રમુકના સંયુક્ત સંયોજક અને મુખ્યમંત્રી કે પલાનીસામી અને પાર્ટીના નાયબ કો-ઓર્ડિનેટર તથા નાયબ મુખ્યમંત્રી પનીરસેલ્વમ સાથે વાતચીત યોજવામાં આવી હતી. ત્યારબાદ આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ગોયેલે કહ્યું હતું કે, તેઓ આ બાબતથી ખુશ છે કે, અન્નાદ્રમુક અને ભાજપ સફળ વાતચીત કરી શક્યા છે. ગઠબંધન ભાગીદારો સાથે મળીને તમિળનાડુ અને પુડુચેરીમાં ચૂંટણી લડવામાં આવનાર છે. ગોયેલે એમ પણ કહ્યું હતું કે, એનડીએના તમામ પક્ષો મજબૂતી સાથે એકબીજાની સાથે છે. આનાથી એનડીએ મજબૂત થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં તથા પલાનીસામી અને પનીરસેલ્વમના માર્ગદર્શન હેઠળ એનડીએ તમામ ૪૦ સીટો જીતશે. અગાઉ પીએમકે અને અન્નાદ્રમુકે પણ સાથે મળીને ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો હતો. તમિળનાડુમાં પીએમકે સાત સીટો ઉપર ચૂંટણી લડનાર છે. મળેલી માહિતી મુજબ પીયુષ ગોયેલે કહ્યું હતું કે, રાજયમાં તમામ પાર્ટીઓ પૂર્ણ તાકાત લગાવી દેશે. આ પહેલા અન્નાદ્રમુક અને પીએમકે વચ્ચે વાતચીત થઈ હતી. અન્નાદ્રમુક ભાજપને પાંચ સીટો આપનાર છે. આ ગઠબંધન આગામી લોકસભાની ચૂંટણીમાં ઉપયોગી સાબિત થશે. તમામ લોકો જાણે છે કે, ૨૦૧૪માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જોરદાર આંધી હતી ત્યારે પણ અન્નાદ્રમુકે ૩૯ લોકસભા સીટ પૈકી ૩૭ સીટો જીતી હતી જ્યારે ડીએમકેને એક પણ સીટ મળી ન હતી. આ વખતે ડીએમકે અન્નાદ્રમુકને ભીંસમાં લેવા માટે કોંગ્રેસ સાથે ગઠબંધન કરી રહ્યું છે. આ ઉપરાંત અન્ય આઠ દળો સાથે પણ વાતચીત થઈ રહી છે. તમિળનાડુ પહેલા ગઈકાલે મહારાષ્ટ્રમાં પણ સમજૂતિ થઈ હતી. મહારાષ્ટ્રમાં ભાજપ અને શિવસેના લોકસભા અને વિધાનસભાની ચુંટણી સાથે મળીને લડવા માટે સહમત થઈ ગયા છે. બંને પાર્ટીઓ વચ્ચે બેઠકોની વહેંચણીને લઈને પણ સમજૂતિ થઈ ચુકી છે. ભાજપ ૨૫ અને શિવસેના ૨૩ સીટો ઉપર ચુંટણી લડશે. વિધાનસભા ચુંટણીમાં બંને પાર્ટી બરોબર સીટો પર ચુંટણી લડશે.

વરઘોડામાં નાચી રહેલા લોકો પર ટ્રક ફરી વળ્યોઃ ૧૫ લોકોના મોત

જયપુર

સોમવારે રાત્રે રાજસ્થાનના પ્રતાપગઢ-જયપુર હાઈવે ખાતે દુલ્હનના વરઘોડામાં નાચી રહેલી લોકો પર એક કાળમુખો ટ્રક ફરી વળ્યો હતો. ટ્રક નીચે કચડાઈ જવાને કારણે ૧૫ લોકોનાં મોત થયા છે, જ્યારે ૧૮ લોકોને ઈજા પહોંચી છે. ઈજાગ્રસ્ત લોકોમાં દુલ્હનનો પણ સમાવેશ થાય છે. મળતી માહિતી પ્રમાણે છોટી સદરી વિસ્તારમાં હાઇવેની આસપાસ રહેતા લોકો લગ્ન પ્રસંગમાં સામેલ થયા હતા. આ સમયે ટ્રકને ડ્રાઇવરે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. ટ્રકે કચડી નાખ્યા બાદ નવ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થઈ ગયા હતા, જ્યારે ૬ લોકોનાં સારવાર દરમિયાન મોત થયા હતા. અકસ્માતમાંદુલ્હન સહિત ૧૫થી વધારે લોકો ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માત બાદ ઘાયલોને છોટી સદરી ખાતે આવેલી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા, જેમાંથી ગંભીર રીતે ઘાયલ થયેલા ૧૫ લોકોને ઉદયપુરની હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. નવ મૃતકોની ઓળખ જાહેર કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા પ્રમાણે ટ્રકના ડ્રાઈવરને રસ્તા પર નાચી રહેલા લોકો ધ્યાનમાં આવ્યા ન હતા. બનાવ બાદ ડેડબોડીને શબઘરોમાં રાખવામાં આવી હતી. પોસ્ટમોર્ટમ બાદ તમામ મૃતદેહો તેમના પરિવારજનોને સોંપી દેવામાં આવશે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

ઓપરેશન આડે અચડણ ઉભી કરનારાઓને ઠાર કરાશે : સેના

ત્રાસવાદને સમર્થન આપનાર બધા કાશ્મીરી યુવાનો સામે લાલઆંખ

એન્કાઉન્ટર વેળા આતંકવાદીઓની મદદ કરી રહેલા કાશ્મીરી પથ્થરબાજોને અંતે સેના ચેતવણી : ઘુસણખોરી કરનારા કોઈ જીવિત પરત નહીં ફરે : સેના

શ્રીનગર

જમ્મુ કાશ્મીરના પુલવામામાં સીઆરપીએફના કાફલા ઉપર ગયા ગુરુવારના દિવસે ભીષણ આત્મઘાતી હુમલો કરવામાં આવ્યા બાદથી જવાબી કાર્યવાહીના ભાગરુપે ભારતે એક પછી એક પગલા પાકિસ્તાન સામે અને કટ્ટરપંથીઓ સામે લેવાનો સિલસિલો જારી રાખ્યો છે. આજે ભારતીય સેના અને જમ્મુ કાશ્મીર પોલીસ તથા સીઆરપીએફે કટ્ટરપંથીઓ અને ત્રાસવાદી તરફ પ્રેરિત થયેલા કાશ્મીરી યુવાનોને સ્પષ્ટ સંદેશ આપ્યો હતો. સેનાએ સાફ શબ્દોમાં ચેતવણી આપતા આજે કહ્યું હતું કે, ભટકી ગયેલા યુવાનોને શરણાગતિ સ્વીકારી લેવાની જરૂર છે. જો ગેરમાર્ગે દોરાયેલા કાશ્મીરી યુવાનો ત્રાસવાદ સામેના ઓપરેશનમાં કોઈપણરીતે અડચણરુપ બનશે તો તેમને ગોળી મારી દેવીની તેમને ફરજ પડશે. સેનાના લેફ્ટી જનરલ કેજેએસ ધિલ્લોને ભટકી ગયેલા કાશ્મીરી યુવાનોની માતાઓને તથા તેમના વાલીઓને અપીલ કરતા કહ્યું હતું કે, પોતાના બાળકોને જે ત્રાસવાદી સંગઠન સાથે જોડાયેલા છે તેમને શરણાગતિ સ્વીકારવા મનાવી લેવામાં આવે. જો આનું નહીં કરે તો સેના તેમને મારીને ખાત્મો કરવા માટે મજબૂર બનશે. પાકિસ્તાની સેનાના એક હિસ્સા તરીકે જૈશે મોહમ્મદ હોવાનો દાવો પણ સેનાએ કર્યો હતો. પત્રકાર પરિષદમાં સેનાના લેફ્ટી જનરલ ઉપરાંત સીઆરપીએફના આઈજી ઝુલ્ફીકાર હસન અને જમ્મુ કાશ્મીર પોલીસના વડા પણ ઉપસ્થિત રહ્યા હતા. ધિલ્લોને કહ્યું હતું કે, કેટલાય ગાઝી આવ્યા અને કેટલાક જતા રહ્યા છે. તેમને આવી જ રીતે હેન્ડલ કરવામાં આવશે. ખીણમાં ઘુસણખોરી કરી ચુકેલાઓને જીવિત છોડવામાં આવશે નહી. જેશે મોહમ્મદ પાકિસ્તાની સેનાના એક હિસ્સા તરીકે હોવાની પણ તેઓએ વાત કરી હતી. તેમણે દાવો કરતા કહ્યુ હતુ કે જેશના ત્રણ કમાન્ડરને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. આ હુમલામાં કોણ સામેલ હતા તેમની યોજના શુ હતી તે અંગે અમે માહિતી આપવા ઈચ્છુક નથી.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (૨જી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન સિક્યુરિટી સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફી કરી અઢળક કમાઓ.
ઘનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય માણસ વર્ગને જીવન ચુથવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માર્ગદર્શનથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદઅંશ ઘટાડો લાવવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.
તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ થિયો સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.
CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. રજીસ્ટ્રાતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મોટા કમિશનની લાલચના રૂપિયા કામ મુજબ ચપેલ આવકમાંથી ચુકવણ જશો, જે માટે સાથે ડિજીટલ કોપક પરથી આપ સમજુ શકશો.
તો આવો સૌ સાથે મળી આબાદીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.
MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થયેલ મેમ્બરશીપ આવકના કમાયેલા પૈસામાંથી
(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ચોટો જોડવી રાખવી)
આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે સાથે રાજસ્થાનમાં ૫૫૦/- ભરવાના રહેશે.
(PLAN - B)
ત્રીજા ત્રણ વર્ષ માટે ૫૫૦૦/- (ચોટો જોડવી રાખવી)
આપનો કોડ ત્રીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો.
સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
જેના માટે સાથે રાજસ્થાનમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો | ઘનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશોષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com

હળવદ નાલંદા વિદ્યાલય ના ૭૫ થી વધુ વિદ્યાર્થીઓ દ્વારા વીર શહીદોને સમૂહમાં મુંડન કરાવીને શ્રદ્ધાંજલિ અર્પી



તાજેતર માં જમ્મુ કાશ્મીર ના પુલવામાં આંતકવાદી દ્વારા થયેલ હુમલામાં શહીદ થયેલ ૪૨ જવાનો ને નાલંદા વિદ્યાલય ના વિદ્યાર્થીઓ મૌન રેલી કાઢી સમૂહમાં ૭૫થી વધુ વિદ્યાર્થીએ સમૂહમાં મુંડન કરાવી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હળવદ ની નાલંદા વિધાલયના વિધાર્થી દ્વારા શહીદ થયેલ ૪૨ જવાનો ને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

શહીદ વીર જવાનો ને શ્રધ્ધા પૂર્વક શ્રદ્ધાંજલી આપવા સૌપ્રથમવાર વિદ્યાર્થીઓ દ્વારા સમૂહમાં ૭૫થી વધુ વિદ્યાર્થીઓએ મુંડન કરાવીને વીર શહીદો ને અનોખી રીતે શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

આંખો માં નમી ચહેરા પર ગુસ્સો. હાટ માં હિન્દુસ્તાની ધ્વજ અને મીણબત્તી. મોઢા પર પાકિસ્તાન મુરદાબાદ ના સુત્રોચાર કરી વિદ્યાર્થીઓ દ્વારા મૌન રેલી નું રેલીનુંઆયોજન કરવામાં આવ્યું હતુ, વિદ્યાર્થીઓ દ્વારા૭૫ થી વધુ વિદ્યાર્થીઓએ સમૂહમાં મુંડન કરાવી શહીદો ને શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી.

આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટી રાકેશભાઇ પટેલ કિરણભાઈ પટેલ જીતુભાઈ રાજપુત ભાવેશભાઈ ઠકકર તથા નાલંદા શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓ તેમજ સ્થાનિક મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમ દરમ્યાન દરેક વિદ્યાર્થીઓ વાલીઓ અને ઉપર અશ્રુભર્યા દ્રશ્યો જોવા મળેલ તથા પાકિસ્તાન મુર્દાબાદ શહીદો અમર રહો ભારત માતાકી જય ના નારા લગાવ્યા હતા

નિલશાક્યા ગામના ૬૨ વર્ષીય જવારભાઈ પવાર ગુમ

આહવા

ડાંગ જિલ્લાના પોલીસ અધિક્ષક શ્રીમતી શ્વેતા શ્રીમાળી દ્વારા મળેલી એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર આહવા તાલુકાના નિલશાક્યા ગામના ૬૨ વર્ષિય બુઝુર્ગ શ્રી જવારભાઇ ગંગારામભાઇ પવાર તા.૨૦/૪/૨૦૧૭થી ગુમ થવા પામ્યા છે.

મોજે નિલશાક્યા ગામેથી ગત તા.૨૦/૪/૨૦૧૭નાં રોજ ઘરેથી આહવા જાંઉ છું તેમ કહીને નીકળેલા બુઝુર્ગ શ્રી જવારભાઇ ગંગારામભાઇ પવાર આટલા સમય બાદ પણ ઘરે પરત નહીં ફરતા તેમના છોકરાએ ગત તા.૨જી ફેબ્રુઆરી, ૨૦૧૯નાં દિને આહવા પોલીસ સ્ટેશને આ અંગેની જાણવા જોગ ફરિયાદ નોંધાવી છે. જે મુજબ શ્યામવર્ણ ધરાવતા ૫ ફૂટની ચાઇ અને મધ્યમ બાંધાના બુઝુર્ગના વાળ તથા આંખોનો રંગ કાળો અને તેમનો ચહેરો લંબગોળ હોવાનું નોંધાયુ છે. ગુમ થયા ત્યારે આ વડીલે લાંબી બાયનુ શર્ટ તથા ટુંકી ચડ્ડી પહેરેલ હતા. તેઓ ડાંગી અને ગુજરાતી ભાષા જાણે છે. જો કોઇને આવા વર્ણનવાળી આ વ્યક્તિની ભાળ કે પત્તો મળે તો નજીકના પોલીસ સ્ટેશને તે અંગેની જાણ કરવા પણ અનુરોધ કરાયો છે.

સરપંચનું અસભ્ય વર્તન, ગુસ્સામાં આવી તલાટી પર હાથ ઉગામ્યો

સુરત

બારડોલીના નાંદિડા ગામ પંચાયતની સભામાં તલાટી સાથે મહિલા સરપંચના ઉદ્ધત વર્તનનો વીડિયો વાઇરલ થતા ચર્ચાનો વિષય બન્યો હતો. આવેશમાં આવી ગયેલા મહિલા સરપંચ સભામાં તમામની સામે તલાટીને લાફો મારવા ઉભા થઇ જતાં સભ્યો આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા. ત્યારબાદ મહિલા સરપંચે સરકારી રજિસ્ટર પણ તલાટી પર ફાઈલ ફેંકી હોવાનું વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે. તલાટી સાથે ઉદ્ધત વર્તન અંગે સભ્યોએ સવાલ પૂછતા મહિલા સરપંચે ઓકાતમાં રહેવાની ધમકી પણ આપી દીધી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. મને લોકોએ ચૂંટીને મોકલી છે કહીં ઓફિસના કબાટની ચાવી પણ સરપંચ સાથે લઈ જતા લોકો ચોંકી ગયા હતા. નાંદિડાના સરપંચ જીન્નત પ્રફુલ્લ રાઠોડની વારંવારની અસભ્યતાથી કર્મચારી અને સભ્યોમાં રોષ હોવાનું બહાર આવ્યું છે. તલાટીએ હિસાબ નહીં આપતા મહિલા સરપંચનો પિત્તો ગયો હોવાનું જાણવા મળ્યું છે.

કાપડ ઉદ્યોગમાં પાર્સલો ઊંચકવાની મજૂરીમાં વધારાની માગ કરાઈ

વધારો નહીં કરાશે તો પાર્સલો નહીં ઊંચકવાની લેબર યુનિયનની ચીમકી

સુરત

કાપડ ઉદ્યોગ સાથે સંકળાયેલાં ટ્રાન્સપોર્ટ લેબર યુનિયને ૧લી એપ્રિલથી પાર્સલો નહીં ઉઠાવવાની ચીમકી આપી હતી. ફોસ્ટાના અધ્યક્ષ મનોજ અગ્રવાલને અપાયેલા આવેદનપત્રમાં પાર્સલો ઊંચકવાની મજદૂરીમાં ભાવ વધારાની માગણી કરી હતી.

સુરત જિલ્લા ટેક્ષટાઈલ્સ માર્કેટિંગ ટ્રાન્સપોર્ટ લેબર યુનિયને જણાવ્યું હતું કે, વધતી જતી મોંઘવારી અને પેટ્રોલ ડીઝલના વધતા ભાવોને ધ્યાનમાં રાખીને તા. ૧-૩-૨૦૧૯થી પ્રતિ પાર્સલની મજૂરીનાભાવમાં વધારો કરવાની માંગણી કરી હતી. ભાવ વધારો નહીં સંતોષવામાં આવશે તો તા. ૧-૪-૨૦૧૯ના રોજ પાર્સલો નહીં ઊંચકવાનો નિર્ણય લીધો છે. આમ કાપડ ઉદ્યોગ સાથે સંકળાયેલા ટ્રાન્સપોર્ટ લેબર યુનિયન દ્વારા ૧લી એપ્રિલ સુધી પાર્સલની મજૂરીમાં ભાવ વધારો ન થાય તો પાર્સલ નહીં ઊચકવાની ચીમકી લેબર યુનિયન દ્વારા આપવામાં આવી હોવાનું સૂત્રો દ્વારા જણાવવામાં આવે છે.

ગણદેવીના ગણદેવા ગામેથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

આર.આર.સેલ દ્વારા રેડ કરી કાર્યવાહી કરાઈ

સુરત

ગણદેવી નજીક આવેલા ગણદેવા ગામે સુરત આર.આર. સેલ પોલીસે બાતમીના આધારે રેડ કરી બુટલેગરો ઝાડીમાં છુપાવેલો ઈંગ્લિશ દારૂની કુલ ૧૦૫૬ નંગ બાટલીનો જથ્થો કિંમત ૫૮૮૦૦નો ઝડપી પાડ્યો હતો. ત્રણ બુટલેગરોને વોન્ટેડ જાહેર કર્યા હતા.

પોલીસ દ્વારા મળતી માહિતી મુજબ સુરત આર.આર સેલ પોલીસને બાતમી મળી હતી. જેના આધારે ગત રાત્રે ગણદેવી તાલુકાના ગણદેવા ગામે દોડિયા ફળીયામાં રેડ કરી ઝાળી ઝાંખરામાં છુપાવેલો ગેરકાયદેસર વગર પાસ પરમીટનો ઈંગ્લિશ દારૂ વ્હીસ્કી ટીન બીયરની નાની મોટી કુલ ૧૦૫૬ નંગ બાટલીનો જથ્થો કિંમત રૂા.૫૮૮૦૦નો મળી આવ્યો હતો. પોલીસે બાતમીના આધારે દારૂ વેચનાર-સપ્લાય કરનારા ત્રણ જેટલા બુટલેગર કિરણ ઉર્ફે કિલ્લુ વિનોદભાઈ પટેલ રહે. હનુમાન ફળીયા, એંધલ, તા.ગણદેવી તથા ઉમેશ ઈશ્વરભાઈ પટેલ રહે. એંધલ વાંઝરી ળીયા, તા.ગણદેવી અને પિતેશ ઉર્ફે બેરો રહે. ઓરવાડ, આનંદનગર, તા.પારડી, જિ. વલસાડને વોન્ટેડ જાહેર કર્યો હતો. આ અંગે ગણદેવી પોલીસમાં આર.આર. સેલના પો.કો. એ પ્રોહિબીશનની ફરિયાદ નોંધાવી હતી. જે અંગે વધુ તપાસ પી.એસ.આઈ. એમ.એન. શેખ કરી રહ્યા છે.

દિવ્યાંગે રમતમાં મળેલી જીતના રૂપિયા શહીદોના પરિવારને નામ કર્યા

સુરત

પુલવામામાં શહીદ થયેલા ૪૦ જવાનોના પરિવારજનોનું દુખ તો કોઈ હળવુ કરી શક્તુ નથી, પરંતુ આ જવાનોના પરિવારજનોને મદદ કરવા માટે દેશભરમાં મદદ મળી રહી છે. અનેક સેવાભાવી સંસ્થાઓ તથા કંપનીઓ અને એસોસિયેશન દ્વારા શહીદોના પરિવારજનોને મદદ કરવા માટે આહવાન કરાયું છે. ત્યારે સુરતનો એક દિવ્યાંગ યુવક પણ મદદ માટે સામે આવ્યો છે. 'ફુલ નહિ તો ફૂલની પાંખડી' ઉક્તિને સાર્થક કરતા આ દિવ્યાંગ યુવકે એક રમતમાં મળેલી જીતના રૂપિયા તેણે શહીદ પરિવારોને નામ કર્યા છે.

સુરતના એક દિવ્યાંગ દ્વારા શહીદ થનારા જવાનોની મદદ માટે સામે આવ્યો છે. રોહ ચાસિયા નામના દિવ્યાંગ યુવક નેશનલ પેરા સ્વીમર છે. ૯૦% દિવ્યાંગ અને નેશનલ પેરા સ્વિમર એવા આ યુવકે પોતાને સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત તરફથી મળેલી જીતની રકમમાંથી કેટલાક રૂપિયા શહીદોના પરિવારજનને આપ્યા છે. રોહન ચાસિયાએ શહીદોના પરિવારને ૫૦૦૦ રૂપિયા આપ્યા છે. ત્યારે શ્રદ્ધાંજલિના ભાગ રૂપે આ ચેક તેણે સુરતના કલેક્ટરને અર્પણ કર્યો હતો.

સુરતી યુવક શહીદ જવાનના પરિવારની દીકરીને દત્તક લેશે

સુરત

પુલવામામાં નાપાક પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓએ કરેલા હુમલાના પ્રત્યાઘાતો સમગ્ર દેશમાં જોવા મળી રહ્યાં છે. શહીદોના પરિવારને શાંત્વના અને હૂંફ આપવા માટે દરેક જગ્યાએથી દાનના ધોધ વહી રહ્યાં છે. ત્યારે સુરતના વરાછા વિસ્તારમાં રહેતા અને ફૂડ સપ્લીમેન્ટના વ્યવસાય સાથે સંકળાયેલા યુવકે શહીદ પરિવારની દીકરીનો ભણતરથી લઈને લગ્ન સુધીનો તમામ ખર્ચ ઉપાડવાની જવાબદારી દર્શાવી છે. સિમાડા નાકા ખાતે રહેતા અને મીનીબજારમાં વ્યવસાય કરતાં નિકુંજ ઘાડીયાએ જણાવ્યું હતું કે, કાયર પાકિસ્તાનીઓએ સીઆરપીએફના કાફલા પર હુમલો કર્યો એ સામી છાતિનો નહોતો. નહિંતર આ સેનાના જવાનો સમગ્ર પાકિસ્તાનની આર્મી પર ભારે પડે તેવા છે. શહીદ થયેલા જવાનોના ઘરમાં પિતા વિહોણી દીકરી અને માતાનું શું? આ વિચાર માત્ર તેમને હચમચાવી ગયો હતો. અને કોઈ એક દીકરીની લગ્ન સુધીની તમામ જવાબદારી ઉઠાવવાનો નિર્ણય કર્યો છે.

એસટી નિગમના કર્મચારીઓની બીજા દિવસે ધરણાં યથાવત

સુરત

સાતમાં પગાર પંચની માંગણીઓ એસટી કર્મચારીઓની ન સ્વીકારવામાં આવતા ૨૦મીની ન સ્વીકારવામાં આવતા ૨૦મીની મધ્યરાત્રિથી સુરત સહિત સમગ્ર ગુજરાતમાં એસટી બસના પૈંડા અચોક્કસ મુદ્દત માટે થંભી જશે. જોકે, બે દિવસના ધરણા તેમજ અચોક્કસ મુદ્દતની હડતાળની એસટી યુનિયને જાહેરાત કર્યા બાદ પણ રાજ્ય સરકાર તરફથી કોઈ પ્રતિભાવ નહીં હોવાનું એસટી કર્મચારીઓ યુનિયનના અગ્રણી સતુભા ગોહિલ, કૌશલ દેસાઈ તથા રસીદ શેખે જણાવ્યું હતું. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાય વર્ષોથી ગુજરાત એસટી નિગમના કર્મચારીઓની વિવિધ માંગણીઓ પેન્ડિંગ છે. વિવિધ યુનિયનો દ્વારા લેખિત અને મૌખિક રજૂઆતો કર્યા બાદ કોઈ સંતોષકારક ઉકેલ ન આવતા કર્મચારીઓએ ધરણા પ્રદર્શન અને સામૂહિક સીએલનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

સ્વામિનારાયણ ગુરૂકુળના બાળકો નો માતાપિતા પ્રત્યે નો પ્રેમ

રાણપુર પાસે આવેલ શ્રીજી વિદ્યાધામ સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે ઐતિહાસિક માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ યોજાયો



શ્રીજી વિદ્યાધામ ગુરૂકુળ ના બાળકો એ માતા-પિતા નુ પુજન કરી આશિર્વાદ મેળવ્યા

બોટાદ જીલ્લાના રાણપુર પાસે લિંબડી રોડ ઉપર કરમડ ના પાટીયા પાસે આવેલ શ્રીજી વિદ્યાધામ સ્વામિનારાયણ ગુરૂકુળમાં સૌ પ્રથમવાર ઐતિહાસિક માતૃ-પિતૃ વંદના નો કાર્યક્રમ ઉજવાયો હતો જેમાં ગુરૂકુળ ના તમામ બાળકો ની સાથે તેમના માતા પિતા આવ્યા હતા અને દરેક બાળકો એ તેમના માતા-પિતા નુ પુજન કરી માતા-પિતા ફરતે પ્રદક્ષિણા કરવામાં આવી હતી બાળકો પોતાના માતા-પિતા ના પુજન કરતા હતા તે દરમ્યાન તમામ બાળકો ના માતા-પિતા આંખો માં આંસુ રોકી શક્યા નોતા આ માતૃ-પિતૃ પુજન માં અબીલ,ગુલાલ,કંકુ,ફુલ વગેરે પુજનીય વસ્તુઓથી બાળકોએ તેમના માતાપિતા નુ ભાવથી પુજન કર્યુ હતુ આ માતૃ-પિતૃ વંદના મહોત્સવ માં વિવિધ પ્રકાર કાર્યક્રમો યોજાયા હતા જેમાં માતા-પિતા નુ પુજન અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનુ સંતો ના હસ્તે સન્માન કરવામાં આવ્યુ હતુ આ પ્રસંગે પરમ પુજય શ્રીજીસ્વરૂપદાસજી સ્વામી એ જણાવ્યુ હતુ કે આ ગુરૂકુળ માં બાળકો ના જીવન ઘડતર ના પાઠ અને શ્રેષ્ઠ શિક્ષણની સાથે સંતો દ્વારા સંસ્કારો નુ પણ સિંચન કરવામાં આવે છે ગુરૂકુળ ના સંતો દ્વારા બાળક ને માતા-પિતા નુ મહત્વ શુ છે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ જ્યારે માતા-પિતા એ બાળક પ્રત્યે કેવા પ્રકાર નુ વર્તન કરવુ તે વિષે પણ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ આજનો બાળક આવતીકાલ નુ ભવિષ્ય છે તેની સાથે કેવુ વર્તન કરવાથી બાળકમાં સારા સંસ્કારો આવે અને અમારા શ્રીજી વિદ્યાધામ સ્વામિનારાયણ ગુરૂકુળ ના સંચાલકો,શિક્ષકો અને સંતો કહેવામાં આવે છે કે દરેક બાળકો એ દરોજ પોતપોતાના માતાપિતા ને પગે લાગવુ માતાપિતા ની કેવી રીતે સંભાળ રાખવી અને આવતા દિવસો માં શ્રીજી વિદ્યાધામ ગુરૂકુળ નો દરેક બાળક એક આદર્શ બાળક બને તેવી અમારી ભગવાન પાસે પ્રાથના છે આ માતૃ-પિતૃ વંદના કાર્યક્રમમાં પુજય ઈશ્વરચરણદાસજી સ્વામી,ગોપાલચરણદાસજી સ્વામી,કૃષ્ણવલ્લભદાસજી સ્વામી સહીત શ્રીજી વિદ્યાધામ ગુરૂકુળ નો શિક્ષક સ્ટાફ તથા બાળકો ના વાલીઓ મોટી સંખ્યા માં હાજર રહ્યા હતા અને કાર્યક્રમ ને રસપુર્વક માણ્યો હતો અને અંતમાં સૌ એ સાથે મહાપ્રસાદ લીધો હતો

મેવાણીનો ટોણો : 'એસ.ટીના ઠેકાણા નહિ ને બુલેટ ટ્રેનમાં કોણ બેસવાનું..?!!'

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રના પ્રશ્નોતરી સેશનમાં બુલેટ ટ્રેનને લગતા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. આ પ્રશ્નોતરી વખતે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જિલ્લા મુજબ, જમીન સંપાદનની પ્રક્રિયા અને તેની વાંધા અરજી વગેરેને લગતા પ્રશ્નોના જવાબ પૂછવામાં આવ્યા હતા. આ પ્રશ્નોતરી વખતે વડગામના અપક્ષ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ ટોણો માર્યો હતો કે ગુજરાતમાં એસ.ટી.ના ઠેકાણા નથી ને બુલેટ ટ્રેનમાં કોણ બેસવાનું છે. મેવાણીએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર અને ગુજરાતના ખેડૂતો નથી ઈચ્છતા કે એમની જમીનના ભોગે બુલેટ ટ્રેન આવે. રાજયમાં રોજના વીસ રૂપિયા કમાતા હોય તે બુલેટ ટ્રેનમાં શું બેસવાના હતા.

ભરૂચ અને વડોદરા જિલ્લામાં બુલેટ ટ્રેન માટે જમીન સંપાદન અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો જેમાં છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાની ૯ લાખ ૨૨ હજાર ૧૪૫ ચોરસ મીટર, ભરૂચ જિલ્લાની ૧૧ લાખ ૩૩ હજાર ચોરસ મીટર જમીન

નવસારી જિલ્લાની ૮ લાખ ૪૧ હજાર ૯૭૨ ચોરસ મીટર જમીન, અમદાવાદ જિલ્લા ની ૩ લાખ ૫૧ હજાર ૧૨૯ ચોરસ મીટર, ખેડા જિલ્લા ની ૧૦ લાખ ૫૫ હજાર ૨૭૫ ચોરસ મીટર જમીન, આણંદ જિલ્લા ની ૪ લાખ ૪૭ હજાર ચોરસ મીટર જમીન સંપાદિત થશે.

બુલેટ ટ્રેન માટે આણંદ જિલ્લા ના ૪૦, અમદાવાદ જિલ્લાના ૧૫, ખેડા જિલ્લાના ૪૩, નવસારી જિલ્લાના ૧૯૮ , વડોદરા જિલ્લા ના ૪૯૯ અને ભરૂચ જિલ્લાના ૪૦૮ ખેડૂતો એ જમીન સંપાદન અંગે વાંધા ફરિયાદો રજૂ કરી છે



આનંદો...ફિક્સ પે ધારક કર્મચારીઓના પગારમાં વધારો કરાયો

ગાંધીનગર

જેમને હાલ ફિક્સ પગાર મળી રહ્યો છે. તેમના પગારમાં સરકારે વધારો કરવાનો નિર્ણય લીધો છે. સરકારે વર્ગ ૩ અને ૪ના ફિક્સ પગાર કર્મચારીઓના પગારમાં વધારો કરવાની જાહેરાત કરી છે.

દરેક નોકરી કરતો વ્યક્તિ હંમેશા ઈચ્છ તો હોય છે કે, તેનો પગાર હાલ છે તેમાં થોડો વધારો થાય. નોકરીયાત માણસ માટે પગાર વધારો એ સૌથી મોટી ખુશીના સમાચાર હોય છે. ફિક્સ પગારમાં નોકરી કરતા લોકોના પગારમાં વધારો કરવાનો સરકારે નિર્ણય લીધો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, સીધી ભરતીથી નોકરી મેળવેલ કર્મચારીઓ, જેમને હાલ ફિક્સ પગાર મળી રહ્યો છે. તેમના પગારમાં સરકારે વધારો કરવાનો નિર્ણય લીધો છે. સરકારે વર્ગ ૩ અને ૪ના ફિક્સ પગાર કર્મચારીઓના પગારમાં વધારો કરવાની જાહેરાત કરી છે.

આ લાભ સીધી ભરતીથી ભરતી થયેલા કર્મચારીઓને મળશે. એટલે કે, બિન સરકાર ગ્રાંટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકો તથા વહીવટી સહાયકો અને સાથી સહાયકોના પગારમાં સુધારો કરી વધારો કરવામાં આવ્યો છે.

સરકારે કરેલી જાહેરાત અનુસાર, જેમને હાલ રૂ. ૧૦૫૦૦ મળી રહ્યા છે તે કર્મચારીઓનો રૂ. ૧૬૨૨૪ પગાર કરાશે. રૂ. ૧૧૫૦૦ પગાર લેતા કર્મચારીઓનો રૂ. ૧૯૯૫૦ પગાર કરાશે અને રૂ. ૧૬૫૦૦ ફિક્સ પગાર વાળા કર્મચારીને હવે રૂ. ૨૫૦૦૦ પગાર મળશે, જ્યારે હાલ રૂ. ૧૭૦૦૦નો ફિક્સ પગાર ધરાવતા કર્મચારીઓને હવે રૂ. ૨૬૦૦૦ પગાર મળવા પાત્ર રહેશે.

અમરોલી કોલેજમાં "RTI Act." વિષય ઉપર સેમિનાર યોજાયો

સુરત

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં સોમવાર તા.૧૮-૨-૨૦૧૯ના રોજ આરટીઆઈ એક્ટ અને રાઈટ ટુ સિટીઝન્સ ટુ પબ્લિક સર્વિસ એક્ટ વિષય ઉપર સેમિનારનું આયોજન થયું. તેમાં મુખ્ય વક્તા તરીકે અજય જાંગીર દ્વારા માહિતીનો અધિકાર માનવ અધિકાર તેમજ નાગરિક અધિકાર વિશે માર્ગદર્શન પૂરુ પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આશરે ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓએ સક્રિયપણે ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. ચિરાગ સિધ્ધપુરીયાએ કર્યું હતું. કોલેજના આચાર્ય પ્રિ. ડૉ.કે.એન. ચાવડા તેમજ અમરોલી કોલેજના સ્ટાફ સભ્યો, શૈક્ષણિક અને વહીવટી પરિવાર હાજર રહ્યા હતા. મુખ્ય વક્તાનો પરિચય કેનીસ હિરપરાએ આપ્યો હતો. કાર્યક્રમના અંતે આભાવિધિ વિશાલ ચૌધરીએ કરી હતી.

ટિકિટ લેવા બાબતે મુસાફરોએ માર મારતા કંડક્ટર ઈજાગ્રસ્ત

ભરૂચ

સરકારી કર્મચારીઓ ઉપર લોકોના હુમલાઓ થતા હોવાની ઘટનાઓ છાસવારે બનતી હોય છે. આવી જ એક ઘટના ભરૂચમાં પણ બનવા પામી છે. ભરૂચની એસ.ટી. બસમાં બે મુસાફરો અને તેના મળતીયાઓ દ્વારા ટિકિટને લઈને બબાલ કર્યા બાદ કંડક્ટર ઉપર હુમલો કર્યો હતો. જેના પગલે કંડક્ટરને માથાના ભાગે ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા હતા.

મળતી માહિતી પ્રમાણે ભરૂચ જિલ્લામાં લખાબાવાથી ભરૂચ રુટની એસટી બસ મંગળવારે નિત્યક્રમ પ્રમાણે દોડી રહી હતી. ત્યારે બસમાં બે મુસાફરો મુસાફરી કરી રહ્યા હતા. આ સમયે બસમાં ફરજ ઉપર હાજર કંડ્રકટરે પોતાની ફરજ મુજબ બે મુસાફરો ટિકિટ અંગે પૂછ્યું હતું. આમ ટિકિટ લેવા બાબતે આ મુસાફરોએ કંડક્ટર સાથે બબાલ કરી હતી.

જોકે, બાબલ વધારે ઉગ્ર બનતા આ બે મુસાફરો અને તેના સાથેના મળતીયાઓએ કંડક્ટરને માર મારીને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી હતી. કંડક્ટરને માથાના ભાગમાંથી લોહી નીકળવા લાગ્યું હતું. ઈજાગ્રસ્ત કંડ્રકટરને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમની હાલત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે. બીજી તરફ કંડક્ટર ઉપરના હુમલાની જાણ થતાં પોલીસ પણ દોડતી થઈ હતી. આ અંગે પોલીસે આગળની કાર્યવાહી હાથધરી છે.

૨૨મીએ છરવાડાની સ્પોર્ટ્સ હોસ્ટેલમાં પ્રવેશ અંગેની કસોટી યોજાશે

વલસાડ

સ્પોર્ટસ હોસ્ટેલ પોરબંદર ખાતે ૨૦૧૮-૧૯ના વર્ષમાં ખેલાડીઓને પ્રવેશ આપવા અંગે જિલ્લા કક્ષાની કસોટી તા.૨૨/૨/૧૯ના રોજ સવારે ૮-૩૦ કલાકે ગ્રીન ગાર્ડન, અગાસી માતાના મંદિર પાસે, ચીખલા, છરવાડા, તા.વલસાડ ખાતે યોજાશે. આ કસોટીઓમાં તા.૩૧/૧૨/૧૮ની સ્થિથિએ ૧૦ થી ૧૫ વર્ષની વયમર્યાદા ધરાવતા ખેલાડીઓ ભાગ લઈ શકશે. જિલ્લા કક્ષાએ ઉત્તીર્ણ થનાર ખેલાડીઓ રાજ્યકક્ષાની ક્રિકેટ કૌશલ્યની કસોટીમાં ભાગ લેવાનું રહેશે. આ અંગે વધુ જાણકારી માટે કચેરીના ફોન નંબર ૦૨૬૩૨-૨૫૪૬૦૫ ઉપર સંપર્ક સાધવા જણાવાયું છે.

દારૂના નશામાં કારચાલકે બાઈક સવારને ટક્કર મારતા એકનું મોત

સુરત

ભાટપોરની ઓએનજીસી કંપનીના ગેટ પાસે ગત ગુરુવારે રાત્રે જેગુઆર કારના ચાલકે દારૂના નશામાં બાઈક ચાલકને ઉડાવતા બેને ગંભીર ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા વેસુની ખાનગી બાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત એક યુવાનનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ કેસમાં પોલીસે પહેલાં જ કાર ચાલક સાથે અન્ય બેને ઝડપી પાડ્યા છે. જ્યારે બેની શોધખોળ ચાલી રહી છે.

ભાટપોરની ઓએનજીસી કંપનીના ગેટ પાસે જેગુઆર કારના ચાલકે દારૂના નશામાં બાઈક ચાલકો રમેશકુમાર છેડીલાલ અને ધર્મરાજ રાજકુમાર અડફેટે લીધા હતા. બાઈકને પાછળથી એટલી જોર ટક્કર મારી કે બાઈક રેલીંગ સાથે અથડાતા ચાલક હવામાં ઉછળીને રોડ પર પડ્યો હતો. કારના ચાલકનું સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા ખાડામાં ઉતારી દીધી હતી. કારના ચાલક હાર્દિક ગજેરા સહિત ત્રણ જણા કાર મુકીને ભાગી ગયા હતા. જ્યારે તેના બે મિત્રો નશામાં ચકચૂર હતા કે તેઓને ચાલવાની પરિસ્થિતીમાં ન હતા જેના કારણે રાજેશ વશરામ કુંભાણી તથા દીલીપ દિનેશ પેથાણી લોકોના હાથમાં આવી જતા તેને માર મારી ઈચ્છાપોર પોલીસને સોપી દીધા હતા. ત્યારબાદ કાર ચાલક હાર્દિક બાવચંદ ગજેરાની શનિવારે મોડીરાત્રે ધરપકડ કરી હતી.

કારની અડફેટે આવેલા પૈકી મરણ જનાર ધર્મરાજ રાજકુમાર(ઉ.વ.૨૨) ભાટપોરમાં રહેતો હતો. અને મજૂરી કામ કરી ગુજરાત ચલાવતો હતો. ગત ગુરૂવારે નોકરી પરથી ઘરે પરત ફરી રહ્યો હતો. દરમિયાન કારની અડફેટે આવી જતા મંગળવારે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

પીપોદરામાં લાયસન્સ વગર ચાલતા દવાખાના પર પોલીસના દરોડા

પશ્ચિમ બંગાળના બોગસ તબીબની ધરપકડ

સુરત

પીપોદરા જીઆઈડીસી ખાતે ગુજરાત મેડિકલ જનરલ પ્રેક્ટિસના લાયસન્સ વગર દવાખાનુ ચલાવતા પશ્ચિમ બંગાળના બોગસ તબીબને કોસંબા પોલીસે ઝડપી પાડ્યો હતો અને કુલ રૂા. ૫૨૫૧નો મુદ્દામાલે કબજે કર્યો હતો.

જિલ્લા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર માંગરોળ તાલુકાની પીપોદરા જીઆઈડીસી, પ્રકાશ સિનેમાની ગલીમાં આવેલી દિનેશ કુશ્વાહની દુકાનમાં દવાખાનું ધરાવતા મધુસુદન શાંતિરામ બિસ્વાહ મૂળ પશ્ચિમ બંગાળના નહીયા જિલ્લાના રાણાઘાટ તાલુકાના બલિયાદંગા ગલીના વતની છે. મધુસુદન બિસ્વાહ ઈન્ડિયન મેડીસીન કાઉન્સિલ અને ગુજરાત મેડીસીન કાઉન્સિલના નોંધણી પ્રમાણપત્ર વગર પ્રેક્ટિલ કરતો હોવાથી ગઈકાલે કોસંબા પોલીસે રેડ કરી હતી અને લાયસન્સ વગર ડોક્ટરની પ્રેક્ટિસ કરી મનુષ્યની જિંદગી સાથે ચેડાં કરતા બોગસ તબીબ મધુસુદન બિસ્વાહની ધરપકડ કરી હતી. તેમજ કુલ રૂા. ૫૧૨૧નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

બાગાયતી ખેતી કરતા ખેડૂતો તા.૨૧મી સુધી પોર્ટલ ઉપર અરજી કરી શકશે

વલસાડ

બાગાયતી ખેતી કરતા ખેડૂતોને ૨૦૧૮-૧૯માં બાગાયત યોજનાઓની ઔષધીય સુગંધિત પાકોના ડીસ્ટીલેશન યુનિટ, ઓઈલપામ ફ્રેશ ફ્રુટ બચીશના ટેકાના ભાવ, ઓઈલ પામ વાવેતર વિસ્તાર, બાગાયતી પાકના પ્રોસેસિંગ નવા યુનિટ માટે સહાય તેમજ નવી ટીસ્યુકલ્ચર સ્થાપના માટેની યોજનાઓમાં લાભ લેવા માટે i-khedut પોર્ટલ હાલ ખુલ્લું છે. આ પોર્ટલ ઉપર તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૯ સુધી અરજી કરી શકાશે, જેથી આ યોજનામાં લાભ લેવા માંગતા ખેડૂતોને નિયત સમયમાં અરજી કરવા વલસાડના નાયબ બાગાયત નિયામક, નિતીન પટેલ દ્વારા જણાવાયું છે.











તંત્રી સ્થાનેથી...

આખરે ક્યાં સુધી ચાલશે

કાશ્મીરમાં હાલમાં ઉકળતા ચરુ જેવી સ્થિતી થયેલી છે. સફરજનના બાગ બગીચા, કેસરના બગીતા, અખરોટ અને બદામના વૃક્ષોની હાલત કફોડી બનેલી છે. પુલવામા ખાતે ૧૪મી ફેબ્રુઆરીના દિવસે ભીષણ ત્રાસવાદી આત્મઘાતી હુમલો કરવામાં આવ્યા બાદ હવે હાલત કફોડી બનેલી છે. વિસ્ફોટક સ્થિતી હવે પ્રવર્તી રહી છે. આ હુમલામાં ૪૦ જવાનો શહીદ થયા હતા. કાશ્મીરમાં હજુ સુધીના સૌથી વિનાશકારી હુમલો કરવામાં આવ્યા બાદ દેશ હમચી ઉઠયુ છે. રવિવારની રાતથી ભીષણ હુમલ કરવામાં આવ્યો હતો. કાશ્મીરમાં રક્તપાતનો દોર જારી છે. સીઆરપીફ કાફલા પર કરવામાં આવેલા હુમલામાં માસ્ટરમાઈન્ડ રહેલા અબ્દુલ રશીદ ગાજી અને જેશના બે ત્રાસવાદીઓ ફુંકી મારવામાં આવ્યા છે. અથડામણમાં એક મેજર સહિત ચાર ત્રાસવાદીઓ શહીદ થયા હતા. એક લેફ્ટી. કર્નલ અને કેપ્ટન તેમજ દક્ષિણ કાશ્મીરના ડીઆઈજી અમિત કુમાર ઘાયલ થયા છે. બે નાગરિકો પણ માર્યા ગયા છે. ગાજી જેશનો કમાન્ડર અને આત્મઘાતી હુમલાના મુખ્ય ભેજાબાજ તરીકે હતો. આત્મઘાતી બોમ્બરને ટ્રેનિંગ તેના દ્વારા જ આપવામાં આવી હતી. તેના ખાતમાને મોટી સફળતા તરીકે ચોક્કસપણે જોવામાં આવે છે. જો તે ઠાર ન થયો હોત તો તે બીજા કેટલાક ત્રાસવાદીઓને બોમ્બર બનાવી દેવામાં સફળ રહ્યો હોત. જો કે હાલમાં જે રીતે સ્થાનિક કાશ્મીરી યુવાનો સરક્ષા દળોના ત્રાસવાદની સામે ઓપરેશનમાં અડચણરૂપ બની રહ્યા છે તે જોતા મોટી ચિંતાની બાબત રહેલી છે. સેના અને સુરક્ષા દળોની આટલી મોટી તૈનાતી છતાં ત્રાસવાદીઓએને સ્થાનિક લોકો રક્ષણ આપી રહ્યા છે તે મોટી બાબત છે. ૧૪મી ફેબ્રુઆરીના દિવસે કરવામાં આવેલા હુમલામાં શહીદ થયેલા જવાનોના માનમાં દેશમાં કાર્યક્રમ થઈ રહ્યા છે. પાકિસ્તાન પર આંતરરાષ્ટ્રીય સ્તર પર દબાણ લાવવામાં ભારત સફળ સાબિત થઈ રહ્યુ છે. ભારતે કઠોર પગલા લઈને અલગતાવાદીઓની સુરક્ષા વ્યવસ્થાને પણ પરત ખેંચી લીધી છે. ખીણમાં પડોશી દેશોના એજન્ટ તરીકે આ લોકો કામ કરી રહ્યા હોવાના હેવાલ પહેલા પણ મળતા રહ્યા છે. સુરક્ષા દળોને પણ ત્રાસવાદીઓ સામે પોતાની રીતે કાર્યવાહી કરવા માટે મંજુરી આપી દેવામાં આવી છે. જો કે આ તમામ પ્રયાસો વચ્ચે કાશ્મીર ખીણમાં શાંતિ સ્થાપિત કરવા માટેના પ્રયાસો સફળ રહેશે કે કેમ તેને લઈને ચર્ચા છે. ભારત કોઈ અન્ય દેશને ત્રાસવાદીઓ અંગેના પુરાવા શા માટે આપે તે પણ પ્રશ્ન છે. કાશ્મીર દેશના અખંડ ભાગ હોવાથી અહીં પણ દેશના અન્ય કાનુન અમલી બને તે જરૂરી છે. કલમ ૩૭૦ સૌથી મોટી અડચણ છે. તેને દુર કરવા માટે સર્વસંમત નિર્ણય કરવામાં આવે તે જરૂરી છે. સંસદનુ ખાસ સત્ર બોલાવીને પણ આ સમસ્યાનો ઉકેલ લાવવામાં આવી શકે છે. ખાસ અધિકાર ત્યાં આપી શકાય છે પરંતુ અલગતાવાદીઓની મંજુરી આપી શકાય નહીં. કાનુન દેશના ત્યાં લાગુ કરવામાં આવે તે સમયની માંગ છે. જે જરૂરી બને તે તમામ પગલા લેવાની જરૂર છે.

દેશના તમામ કાનુન જમ્મુ કાશ્મીરમાં પણ લાગુ થાય તે જરૂરી હોવાનો તમામનો મત

પીવી સિંધુની વાર્ષિક કમાણી ૬૦ કરોડથી ઉપર પહોંચી ચુકી...

બ્રાન્ડની દુનિયામાં શટલર સિંધુનો ડંકો

બ્રાન્ડની દુનિયામાં નવા સ્ટાર તરીકે હવે ભારતીય બેડમિન્ટન સ્ટાર પીવી સિંધુનો ડંકો વાગી રહ્યો છે. હાલના સમયમાં દુનિયાની તમામ ટોપ બેડમિન્ટન ખેલાડીને હાર આપીને ભારતનુ નામ રોશન કરનાર પીવી સિંધુની બોલબાલા સતત વધી રહી છે. તેની વધત જતી લોકપ્રિયતાને ધ્યાનમાં લઈને એક પછી એક કંપનીઓ તેને પોતાની બ્રાન્ડમાં લેવા માટે ઉત્સુક બનેલી છે. આ જ કારણ છે કે ટુંકા ગાળાની અંદર જ સિંધુનો ડંકો વાગી રહ્યો છે. આજે તેની પાસે ૧૬ કંપનીઓની જાહેરાત છે. સિંધુની કમાણીમાં આશરે ૧૬૦૦ ટકા સુધીનો રેકોર્ડ વધાર થઈ ગયો છે. ૨૩ વર્ષીય સિંધુની વાર્ષિક આવક આજે ૬૦ કરોડથી ઉપર પહોંચી ગઈ છે. જાણકાર લોકો કહે છે કે આગામી દિવસોમાં તે ટોપ સ્ટારોને પાછળ છોડી શકે છે. તે આજે જાહેરાતન દુનિયામાં વિરાટ કોહલી અને એમએસ ધોનીને ટક્કર આપી રહી છે. ફોર્બ્સની સૌથી વધારે કમાણી કરનાર મહિલા એથલીટોની વૈશ્વિક યાદીમાં તે આજે સાતમા સ્થાન પર પહોંચી ચુકી છે. હજુ જંપ કરીને આગળ વધવા માટે પણ તે તૈયાર છે. આ યાદીમાં સિંધુથી ઉપર જે ખેલાડી છે તે પૈકી છ ટેનિસ સ્ટાર છે. ભારતમાં ટોપ અમીર હસ્તીઓની યાદીમાં સિંધુ ૨૦માં સ્થાન પર છે. ઓલિમ્પિકમાં રજત ચન્દ્રક જીતી ચુકેલી સિંધુની લોકપ્રિયતામાં અને તેની રમતમાં જોરદાર દેખાવ હાલના સમયમાં જોવા મળી રહ્યો છે. તાજેતરમાં જ ચીનની મોટી સ્પોર્ટસ કંપની લિ નિંગે આશરે ૫૦ કરોડ રૂપિયાનો કરાર સિંધુ સાથે કર્યો છે. આ કરાર બેડમિન્ટનની દુનિયામાં હજુ સુધી થયેલા સૌથી મોટા કરાર પૈકી એક છે. આ કંપની સિંધુ સાથે પહેલા પણ કરાર કરી ચુકી છે. હૈરાનીની વાત એ છે કે વર્ષ ૨૦૧૪-૧૫માં પનીએ સિંધુ સાથે કરાર કર્યો હતો. પરંતુ એ વખતે આ કરાર માત્ર ૧.૨૫ કરોડ રૂપિયાની આસપાસનો હતો. જે આજના કરારની તુલનામાં નહીંવત સમાન છે.



હાલમાં ૧૬ કંપનીઓથી વધુની જાહેરાત કરનાર સિંધુની આવકમાં ૧૬૦૦ ટકા સુધીનો વધારો : બેડમિન્ટનના ક્ષેત્રમાં નવી સ્ટાર ઉભરી

ભારતીય બેડમિન્ટન સ્ટાર અને ઓલિમ્પિક તેમજ વિશ્વ ચેમ્પિયનશીપમાં રજત ચન્દ્રક જીતી ચુકેલી પીવી સિંધુનો જલવો હવે ચારેબાજુ જોવા મળે છે. તે માત્ર બેડમિન્ટનના કોર્ટ પર જ નહીં બલ્કે બહાર પણ પ્રભાવ પાડી રહી છે. સિંધુ આજે અનેક કંપનીઓની બ્રાન્ડમાં કામ કરી રહી છે. તે કેટલીક કંપનીઓની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે છે. કેટલીક જાહેરાતોમાં તે હાલમાં નજરે પડી રહી છે. તે બ્રાન્ડની દુનિયામાં બોલિવુડની હસ્તીઓને હવે પાછળ છોડી રહી છે. એક સમય એવો હતો જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તર પર ભારતની ઓળખ માત્ર ક્રિકેટ સુધી મર્યાદિત હતી. જો કે હાલના વર્ષોમાં બેડમિન્ટનના ક્ષેત્રમાં ભારતીય ખેલાડીઓનો દબદબો રહ્યો છે. સાથે સાથે અન્ય રમતના ક્ષેત્રમાં પણ ભારતીય ખેલાડીઓ હવે વિશ્વના દેશોના ખેલાડીઓને પડકાર ફેંકી રહ્યા છે. આ જ કારણ છે કે આજે દેશ વિદેશની કંપનીઓએ ભારતીય ખેલાડીઓની સાથે કામ કરવા માટે ઉત્સુક બનેલી છે. ક્રિકેટરો ઉપરાંત બેડમિન્ટન અને ટેનિસ તેમજ અન્ય રમતોમાં ભારતીય ખેલાડીઓ હવે કોઈનાથી પાછળ રહ્યા નથી. કરાર મારફતે જુદા જુદા ક્ષેત્રના ખેલાડીઓની આજે રેકોર્ડ આવક થઈ રહી છે. પીવી સિન્ધુની થોડાક સમય પહેલા સુધી બોલબાલા ઓછી દેખાતી હતી. જો કે હાલના વર્ષોમાં તે દુનિયાની તમામ ટોપ ખેલાડીઓને હાર આપીને પોતાની કુશળતા સાબિત કરી ચુકી છે. પીવી સિંધુ એક પ્રોફેશનલ ભારતીય બેડમિન્ટન સ્ટાર તરીકે હવે ઉભરી ચુકી છે. ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતનાર તે એકમાત્ર ભારતીય મહિલા છે. તે હાલના વર્ષોમાં અનેક મોટી સ્પર્ધા જીતી ચુકી છે. તમામ મોટી સ્પર્ધામાં તે છવાઇ ગઇ છે. સપ્ટેમ્બર ૨૦૧૨માં તે પ્રથમ વખત લાઇમ લાઇટમાં આવી ગઇ હતી. વર્ષ ૨૦૧૮માં તે વર્લ્ડ ટુર ટાઇટલ જીતનાર પ્રથમ ભારતીય સ્ટાર બની હતી. સાથે સાથે તે જાપાનની નોઝોમી ઓકુહારાને હાર આપવામાં સફળ રહી હતી. તે માત્ર ૧૭ વર્ષની વયમાં લોકપ્રિયતા મેળવી લેવા લાગી ગઇ હતી. ઇન્ટરનેશનલ ક્ષેત્રમાં કેટલાક રેકોર્ડ પણ તે ધરાવે છે. તે જુનિયર અને સિનિયર સ્તર પર તમામ સારો દેખાવ કરી રહી છે. અંડર -૧૩માં પણ તે વિજેતા બની હતી. અંડર-૧૪ ટીમમાં ગોલ્ડ મેડલ જીતી જવામાં પણ તે સફળ રહી હતી. વિશ્વની સૌથી શક્તિશાળી બેડમિન્ટન સ્ટાર તરીકે તેની હવે ગણતરી કરવામાં આવે છે. તે આવનાર સમયમાં ભારતને વધુ મોટી સફળતા બેડમિન્ટનમાં અપાવશે.



કંપનીઓ ફિટનેસના કારણે વધારે પ્રભાવિત

સિંધુની ફિટનેસનો ક્રેઝ વધ્યો

ક્રિકેટ સ્ટાર વિરાટ કોહલી, સચિન તેન્દુલકર અને એમએસ ધોની જેવા ખેલાડીઓને સિંધુ હવે બ્રાન્ડના મામલે જોરદાર ટક્કર આપી રહી છે. નિષ્ણાંતોની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો આગામી દિવસોમાં સિંધુ સચિન અને અન્ય સ્ટારને બ્રાન્ડ મામલે પાછળ છોડી શકે છે. નિષ્ણાંતો એમ પણ કહેતા ખચકાટ અનુભવ કરી રહ્યા નથી કે સિંધુની વય, ફિટનેસ, અને બેડમિન્ટનના ક્ષેત્રમાં તેની એક પછી એક સિદ્ધીઓના કારણે અનેક કંપનીઓ તેની તરફ હજુ આકર્ષિત થઈ શકે છે. તેની ફિટનેસનો લાભ લેવા માટે કંપનીઓ વધારે પ્રભાવિત છે. આરોગ્ય અને ફિટનેસ સાથે જોડાયેલી કંપનીઓની હવે પહેલી પસંદ ચુસ્ત અને ફિટ પીવી સિંધુ બની રહી છે. કંપનીઓને પીવી સિંધુમાં એક ભાવિ સ્ટાર નજરે પડે છે. જેથી માત્ર ભારતીય કંપનીઓ જ નહીં બલ્કે વિદેશી કંપનીઓ પણ તેની સાથે કામ કરવા માટે ઉત્સાહિત દેખાઇ રહી છે. હૈદરાબાદમાં જન્મેલી પીવી સિંધુ હાલમાં તમામને પ્રભાવિત કરી રહી છે. ખુબ ઓછા લોકો જાણે છે કે સિંધુના પિતા પણ ભારતીય વોલીબોલ ટીમના એક સભ્ય તરીકે રહ્યા છે. પીવી સિંધુના પિતા જે ટીમમાં હતા તે ટીમે વર્ષ ૧૯૮૬માં સિઓલ એશિયન ગેમ્સમાં કાસ્ય ચન્દ્રક જીતી લીધો હતો. તે વર્ષ ૨૦૦૦માં અર્જુન એવોર્ડ પણ પોતાના નામ પર કરી ચુકી છે. નેશનલ લેવલ હેન્ડબોલ પ્લેયર રહેલી પીવી દિવ્યા તેની મોટી બહેન છે. સિંધુ હાલમાં હૈદરાબાદમાં રહે છે. અલબત્ત તેના માતાપિતા પ્રોફેશનલ વોલીબોલ રમી ચુક્યા છે. પુલેલા ગોપીચંદની સફળતાથી પીવી ખુબ પ્રેરિત થઈ હતી. પીવી સિંધુ હાલના સમયમાં ભારતમાં સૌથી ચર્ચાસ્પદ નામો પૈકી એક તરીકે છે. ફિટનેસથી પ્રભાવિત થઈને કંપનીઓ તેમની બ્રાન્ડ માટે પીવીનો સંપર્ક કરી રહી છે. ખાસ કરીને ફિટનેસ સંબંધિત કંપનીઓ વધારે પ્રભાવિત છે.

સારા અલી, અનન્યા સહિતની સ્ટાર તેની સાથે ડેટ પર જવા ઈચ્છુક

કાર્તિક આર્યન યુવા પેઢીમાં લોકપ્રિય

કાર્તિક આર્યન પાસે હાલમાં એક પછી એક મોટી ફિલ્મની ઓફર આવી રહી છે : કોઈ સમય ૧૨ લોકો સાથે એક રૂમમાં રહેતો હતો

બોલિવુડમાં હાલના સમયમાં દરેક સ્ટાર કાર્તિક આર્યનની ચર્ચા કરતા નજરે પડે છે. તે બોલિવુડમાં પોતાની ફિલ્મો મારફતે હજુ સુધી કોઈ ઉલ્લેખનીય સફળતા હાંસલ કરી શક્યો નથી પરંતુ તેના ક્રેઝની ચર્ચા ચારેબાજુ જોવા મળે છે. હાલમાં તે અનેક ફિલ્મોમાં કામ કરી રહ્યો છે. જેમાં તમામ નવી અભિનેત્રીનો સમાવેશ થાય છે. બોલિવુડની દરેક નવી અભિનેત્રી જે હાલમાં બોલિવુડમાં પ્રવેશ કરી ચુકી છે અથવા તો પ્રવેશ કરવા માટે તૈયાર છે તે કાર્તિક આર્યનની સાથે ફિલ્મ કરવા અને તેની સાથે જ ડેટિંગ પર જવાની પણ ઈચ્છા ધરાવે છે. આ તમામ બાબતોથી અંદાજ લગાવી શકાય છે કે કાર્તિક આજે કેટલો લોકપ્રિય થઈ ગયો છે. થોડાક સમય પહેલા કેદારનાથ ફિલ્મ મારફતે બોલિવુડમાં એન્ટ્રી કરી ચુકેલા અને સિમ્બા મારફતે તમામનુ ધ્યાન ખેંચનાર સેફ અલી ખાનની પુત્રી સારા અલી ખાને પણ એક ઈન્ટરવ્યુ દરમિયાન કબુલાત કરી હતી કે તે કાર્તિક આર્યનથી પ્રભાવિત છે. જો તેને ડેટ પર જવા માટે કોઈની સાથે તક મળે તો તે કાર્તિકની સાથે ડેટ પર જવાનુ પસંદ કરશે. સાથે સાથે સારા કાર્તિક સાથે ફિલ્મ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી ચુકી છે. બીજી બાજુ વિતેલા વર્ષોના સુપરસ્ટાર અભિનેતા ચંકી પાન્ડેની પુત્રી અનન્યા પાન્ડે પણ એક શોમાં કહી ચુકી છે કે કાર્તિક ક્યુટ છે. કરણના ચેટ શો દરમિયાન અનન્યા, તારા સુતારિયા અને ટાઈગર શ્રોફ પહોંચ્યા હતા. શો દરમિયાન ચંકી પાન્ડેની પુત્રીએ કહ્યુ હતુ કે કાર્તિક તેને ખુબ જ ક્યુટ લાગે છે. જ્યારે કરણ જોહરે કહ્યુ હતુ કે સારા અલી ખાન પણ તેની સાથે જવા માંગે છે ત્યારે અનન્યાએ કહ્યુ હતુ કે તે એજ જગ્યાએ પહોંચી જશે જ્યાં સારા અલી ખાન અને કાર્તિક જશે. આ પહેલા કરણના ચેટ શો દરમિયાન જ સારા અલી ખાને કાર્તિક આર્યનને ડેટ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ત્યારબાજ કાર્તિકે મજાકમાં કહ્યુ હતુ કે તે પોતે પણ સારા સાથે ડેટ પર જવાનુ પસંદ કરશે. કાર્તિક આર્યનને બોલિવુડમાં તરત જ સફળતા હાથ લાગી નથી. તેનુ

કહેવુ છે કે તે કિંગ ખાન શાહરૂખના મોટા ફેન તરીકે છે. તેની એક ઝલક મેળવી લેવા માટે તે તેના ઘરની બહાર ઉભો રહેતો હતો. પ્યાર કા પંચનામા, સોનુ કે ટીટુની સ્વીટી જેવી ફિલ્મોમાં કામ કરી ચુકેલા કાર્તિકે હાલમાં કાર્યક્રમ દરમિયાન કહ્યુ હતુ કે તે બોલિવુડમાં આવતા પહેલા ખુબ સંઘર્ષ કરી ચુક્યો છે. તેનુ કહેવુ છે કે તે કઈ રીતે બેલાપુર નવી મુંબઈમાં રહેતો હતો. સાથે સાથે અંધેરી સુધી ઓડિસન્સ માટે પહોંચી જતો હતો. જ્યા તે બે રૂમના ફ્લેટને ૧૨ લોકો શેયર કરતા હતા. કાર્તિક હાલના દિવસોમાં અનેક ફિલ્મમાં કામ કરી રહ્યો છે. જેમાં પતિ પત્નિ ઓર હો, લુકાછિપી અને અન્ય કેટલીક ફિલ્મોનો સમાવેશ થાય છે. તેનુ કહેવુ છે કે સોનુ કે ટીટુ કી સ્વીટી ફિલ્મમાં કામ કર્યા બાદ તેને એક ફિલ્મમાં કામ કરવા માટે ૧૦ કરોડ રૂપિયાની ઓફર કરવામાં આવી હતી. પરંતુ તે ફિલ્મની ઓફરને ફગાવી ચુક્યો છે. કારણ કે તેને જે રોલ આપવામાં આવ્યો હતો તે રોલ કરવા માટે તે કનેકટ થઈ રહ્યો ન હતો. હવે એવા અહેવાલ પણ મળી રહ્યા છે કે અનીસ બાજણી અને ભુષણ કુમાર સાથે મળીને એક ફિલ્મ બનાવવા માટે જઈ રહ્યા છે જેમાં તે દિશા પટણીની સાથે નજરે પડનાર છે. તે દિશાની સાથે રોમાન્સ કરતો નજરે પડનાર છે. રિપોર્ટની વાત કરવામાં આવે તો આ એક કોમેડી ફિલ્મ રહેશે. વર્ષ ૧૯૯૮માં રજૂ કરવામાં આવેલી ફિલ્મ પ્યાર તો હોના હી થા નામની ફિલ્મ બાદ બાજમી નવી ફિલ્મ બનાવવા જઈ રહ્યા છે. ફિલ્મ નિર્માતા કાર્તિક આર્યનની ફિલ્મ કુશળતાથી ખુબ પ્રભાવિત છે. તેની પાસે એક પછી એક ફિલ્મની ઓફર આવી રહી છે. લુકાછુપી બાદ તેની પાસે અનન્યા પાન્ડેની સાથેની ફિલ્મ પતિ પત્નિ ઓર વો ફિલ્મ મળી હતી. જેમાં તેની સાથે ભૂમિ પેડનેગર પણ કામ કરી રહી છે. બોલિવુડમાં તે યુવા અભિનેત્રીઓમાં લોકપ્રિયતા ધરાવે છે. કાર્તિક આર્યન હાલમાં શુ કરી રહ્યો છે તે અંગે માહિતી મેળવી લેવા માટે આજે મિડિયા પણ ઉત્સુક રહે છે. હાલમાં તે ચંકી પાન્ડેની પુત્રી અનન્યા સાથે નજરે પડી રહ્યો છે. જો કે તેમની વચ્ચે સંબંધોને લઈને કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી. કાર્તિક ની ફિલ્મો અને તેના યુવા સ્ટાર અભિનેત્રીઓ સાથેના કનેક્શનની ચર્ચા સતત જોવા મળી રહી છે. વર્ષ ૨૦૧૯ તેના માટે ખુબ શાનદાર રહેવાની શક્યતા છે.

વિધાનસભામાં નાણાંમંત્રી નીતિન પટેલે છઠ્ઠી વખત બજેટ રજૂ કર્યું

નીતિન પટેલનું ૧૨ હજાર કરોડની પુરાંતવાળુ ચૂંટણીલક્ષી બજેટ

ખેડૂતોને વ્યાજ સહાય એક સાથે આપવા ૫૦૦ કરોડનું રીવોલ્વીંગ ફંડ,રાજ્યમાં કુલ ૭૫ ફલાયઓવર બનાવાશે, જેમાં અમદાવાદમાં સૌથી વધુ બનશે

ગાંધીનગર

ચૌદમી ગુજરાત વિધાનસભામાં આજે લોકસભાની ચૂંટણી નજીક આવતી હોવાથી રાજ્યના નાણાંમંત્રી નીતિનભાઈ પટેલે વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષના અંતે સુધારેલ અંદાજમાં રૂ.૧૩૪૭.૨૮ કરોડની પુરાંત રહેવાની ધારણા સાથે વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજ પ્રમાણેનું રૂ.૧૨૨૪૧.૪૦ કરોડની એકંદર પુરાંત દર્શાવતું વચગાળાનું બજેટ રજૂ કર્યું હતું.

અમારી સરકારના આયોજનોની રુપરેખાના કારણે ગુજરાતની સફળ વિકાસગાથાની નોંધ લીધી છે. પ્રજાએ વિશ્વાસની મહોર મારી છે તે માટે ઋણી છીએ. વાઈબ્રન્ટ થકી ગુજરાતની આગવી ઓળખ ઊભી કરી છે.

ખેડૂતોના વિકાસ માટેની યોજનાઓ, સિંચાઈ, વીજળી, પોષણક્ષમ ભાવ મળે તે માટે સતત પ્રયત્નશીલ છીએ. વિકાસલક્ષી કામગીરીની નોંધ પ્રજા, દેશ અને વિદેશે લીધી છે,રાજ્યના વિકાસ માટે સરકાર આગળ વધી રહી છે.

સર્વાગી વિકાસ થાય તેવું બજેટ લોકોને સુવિધા મળે તેવું બજેટ સૌનો સાથ સૌનો વિકાસપ તે ખરા અર્થમાં ચરિતાર્થ થયો છે. કેન્દ્ર સરકારની ખેડૂતો માટેની સહાયરાશિની યોજના માટે ગુજરાત સરકારે પૂરજોશમાં કામ કરતાં લગભગ ૪૦ લાખ ફોર્મ ભરાશે. આ યોજના સતત ચાલુ રહેશે, ખેડૂતોને ક્રમશઃ લાભ મળતો રહેશે, અમે પીએમ મોદીનો એ માટે આભાર માનીએ છીએ. સ્ટેચ્યૂ ઓફ યૂનિટીથી પ્રવાસન ક્ષેત્રે લાભ, ૧૦ ટકા સવર્ણ અનામતથી સૌને લાભ મળશે.

મા અને મા વાત્સલ્યની આવક મર્યાદા વધારવામાં આવી છે. અગાઉ મળતી સહાય ત્રણ લાખને બદલે પાંચ લાખનું સુરક્ષા કવચ રાજ્યના નાગરિકોને અપાશે. સાથે જ તેનો લાભ લેવાની આવક મર્યાદા ઉથી વધારીને ૪ લાખ કરાઈ છે.

-વાર્ષિક વૃધ્ધિ દર ૯.૯ ટકા છે જે દેશના મોટા રાજ્યોમાં સૌથી ઊંચો,દેશના જીડીપી માં ૭.૮% હિસ્સો ગુજરાતનો

-ચોખ્ખી માથાદીઠ આવક ચાલુ ભાવે રૂ. ૧,૭૪,૬૫૨ જે ૧૨.૬ ટકા વધુ

-નિકાસમાં ગુજરાત દેશભરમા પ્રથમ કુલ ઔધ્યોગિક ઉત્પાદનમા ૧૬.૮ ટકા હિસ્સો

અછત સમયે ખેડુતોના પડખે સરકારઃ-

-૯૬ તાલુકામા ૧૬.૨૭ લાખ ખેડૂતોને ૧૫૫૭ કરોડની ઈનપુટ સહાય

-પશુધન ને મદદરૂપ થવા પશુદીઠ ૩૫ ની સહાય ૪૦.૮૪ કરોડ ચૂકવાયા

-ખેડૂતોને આઠ કલાકના બદલે દશ કલાક વીજળી રાજય સરકારને ૪૩૬ કરોડનુ વધારાનુ ભારણ

-ચાલુ વર્ષે ૯૬ તાલુકાના ૨૩ લાખ ખેડૂતો ને મદદરૂપ થવા ૨૨૮૫ કરોડનુ ખાસ સહાય પેકેજ

શહેરી વિકાસઃ-

-મહાનગરપાલિકા મા ૫૪ , નગરપાલિકા મા ૨૧ મળી કુલ ૭૫ ફલાય ઓવર બનશે

-૩૭ રેલ્વે ફાટકો પર ઓવર બ્રીજ અને અંડરબ્રીજ બનશે : ૭૫૦ કરોડ ખર્ચાશે

-મહાનગરો અને નગરોમા નવા વિસ્તારોમા સવલતો માટે રૂ ૫૦૦ કરોડ ફાળવાયા

-મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન સુવિધા યોજનામા ૭૦૦ઈલેકટ્રીક બસો મંજૂર

-મેટ્રો રેલના ફેઝ ૧ના કામો પૂર્ણતાના આરે ૨૦૨૦ મા પ્રોજેકટ પૂર્ણ કરાશે

-પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૭.૬૪ લાખ આવાસ પુરા પડાશે

નર્મદાઃ-

નર્મદા યોજના માટે રૂ ૬૯૪૫ કરોડની જોગવાઈ પેકી કચ્છ માટે રૂ ૪૩૦ કરોડ,ભૂગર્ભ પાઈપલાઈન માટે ૧૪૬ કરોડ, ૩ પંપીગ સ્ટેશન વિસ્તરણ માટે ૩૧૬ કરોડ,

કૃષિઃ-

-કૃષિ ઉત્પાદનમા ૧૨.૧૧ ટકા દરે વૃધ્ધી

-પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના હેઠળ બે વર્ષમા ૨૭ લાખ ખેડૂતોને લાભ

-ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે ધિરાણ રૂ.૫૦૦ કરોડનુ રિવોલ્વીગ ફંડ

-ફાર્મ મીકેનાઈઝેશન માટે ત્રણ વર્ષમા ૫૦૦ કરોડની સહાય

-હાલોલ ખાતે ઓર્ગેનિક યુનિ. સ્થાપવાની કાર્યવાહી

-બાગાયત પાક ઉત્પાદન ૨૦૨૧-૨૨ મા ૧૮.૫૫ લાખ હેકટર લ ઈ જવાશે

-પશુધનવસ્તિ ગણતરીમા ૧૫.૩૬ ટકા સાથે દેશમા ગુજરાત પ્રથમ

-સ્કીમ મિલ્ક પાવડરમા નિકાસ માટે રૂ ૩૦૦ કરોડની સહાય

-પાટણ ખાતે રૂ ૪૭.૫૦ કરોડના ખર્ચે સેકસ સિમેન લેબોરેટરી સ્થપાશે

-અબોલ પશુ માટે કરૂણા ૧૯૬૨ એમ્બ્યુલન્સ સેવા શરૂ

-હાઈ સ્પીડ ડીઝલ પર વેટ રાહત,ડીપ સી ફીસીગ યુનિટ

-ઝીંગા ઉછેર માટે ૭૫૦૦ હેકટર જમીન ફાળવાશે ૨૫૦૦૦ ઝીંગા ઉછેરકોને રોજગારી

-બોટ ધારકોને ડીઝલ વેટ રાહત આપવા રૂ ૧૨ ના બદલે રૂ ૧૫ પ્રતિ લીટર સબસીડી અપાશે. ૧૦,૬૭૭ બોટધારકોને લાભ

-વલસાડ ખાતે નવા મત્સ્ય ઉતરાણ કેન્દ્ર બનાવાશે

-પાકિસ્તાન જેલમા રખાતા ગુજરાતના માછીમારોને દૈનિક રૂ ૧૫૦ ના બદલે રૂ ૩૦૦ અપાશે

જળસંશાધનઃ-

-૧૮ હજાર ગામોમા ૧૫ ફેબ્રુઆરી થી સુજલામ સુફલામ જળ અભિયાન યોજાશે

-સૌની યોજના પ્રથમ તબક્કામા ૨૨ જળાશયો ૪૮ તળાવો ૧૮૧ ચેકડેમ નર્મદાના નીરથી ભર્યા, ફેઝ ૨ મા ૫૭ જળાશયો જોડાશે ૧૧,૨૧૬ કરોડનુ ખર્ચ ત્રીજા તબક્કાના ૨૬૧૫ કરોડના કામ મંજૂર

-બનાસકાઠા માટે રૂ ૬૨૩ કરોડના ખર્ચ થરાદથી સીપુ ડેમ સુધી પાઈપલાઈન યોજના

-ઉચ્છલ નીઝર સોનગઢ ના ૬૯,૦૦૦ વિસ્તાર માટે ૯૧૨ કરોડ ના ખર્ચે ઉકાઈ યોજના

-૭૧૫ કરોડના ખર્ચે તાપી કરજણ ઉદવહન યોજના

-દાહોદ મા ૧૮૫ કરોડની કડાણા દહોદ યોજના

-જળ સંચયના કામો માટે રૂ ૩૨૯ કરોડનો ખર્ચ કરાશે

આરોગ્યઃ-

-મા અને મા વાત્સલ્ય યોજનાના રાજ્યના ૬૮ લાખ પરિવારોને રૂ ૩ લાખના બદલે આયુષમાન ભારતની જેમ રૂ ૫ લાખનુ સુરક્ષા કવચ

-મા વાત્સલ્ય યોજના ૧૫ લાખ પરિવારોને લાભ

-આશા ફેસીલેટર બહેનોના મહેનતાણા મા માસિક રૂ ૨૦૦૦નો વધારો

-પાલનપુર, દહોદ ખાતે મેડીકલ કોલેજ મંજૂરઃ નડિયાદ, વિસનગર, અમરેલી ખાતે કામ પ્રગતિમા

-સિવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે ૧૨૦૦ બેડ ની હોસ્પિટલનુ લોકાર્પણ ૪ માર્ચ પી.એમ કરશે

-ગાધીનગર સોલા સીવીલ હોસ્પિટલને સુપરસ્પેશયાલીટીમા અપગ્રેડ કરાશે

મહિલા સશકતિકરણઃ-

-દોઢ લાખ વિધવા બહેનોના પુત્રની ઉમર કોઈપણ હોય તેમ છતા પેન્શનનો લાભઃ૧૦૦૦ ના બદલે ૧૨૫૦ નુ પેન્શન રાજ્યને ૩૪૯ કરોડનુ ખર્ચ સવા બે લાખ વિધવા બહેનોને લાભ

-૫૩ હજાર આગણવાડી મા કાર્યરત આગણવાડી કાર્યકર બહેનો ના વેતનમા રૂ ૯૦૦ નો વધારો માસિક રૂ ૭૨૦૦ અપાશેઃ તેડાગર બહેનોના પગારમા ૪૫૦ વધારી માસિક રૂ ૩૬૦ આપશુ

-આઈસીડીએસ ની યોજના માટે ૨૨૮૩ કરોડ ખર્ચાશે

સામાજિક વિકાસઃ-

-અનુ જાતિના ૪૪હજાર વિદ્યાર્થિઓને ૬૬ કરોડના ખર્ચે રહેવા જમવા ભણવાની સુવિધા

- ૮ નવા સમરસ છાત્રાલયો શરૂ કરાશે

-વૃધ્ધ પેન્શનમા ૫૦ ટકાનો વધારો કરી રૂ ૫૦૦ ના બદલે રૂ ૭૫૦અપાશે

-આદિજાતિ વિકાસ નિગમ ને વ્યકતિલક્ષી ધિરાણ યોજના મા દોઢ ગણો વધારોઃ ૧૫૦ કરોડનો સપોર્ટ

આદિજાતિ વિકાસ

-આદિવાસી બાળકોના શિક્ષણ.માટે વિશાળ માળખુઃ ૨ લાખ આદિવાસીને લાભ

-આદિવાસી બાળકોને શિષ્યવૃત્તી, ટેલેન્ટપુલ ની યોજના માટે રૂ ૬૦૦ કરોડના ખર્ચે૧૭ લાખ ને લાભ

-ગરૂડેશ્વર ખાતે નેશનલ ટ્રાયબલ મ્યુજીયમ

માર્ગ મકાન

-મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ૨૦૧૯-૨૦મા બે હજાર કરોડના રસ્તા,પુલોના કામો મંજૂર

-૩૩૪૯૭ ગામ પરાને માર્ગોથી જોડી દેવાયા

-મહાનગરોમા ૯૫૦ કી.મીના ૩૫૦૦ કરોડના કામો પ્રગતિમા

-૬૫૦૦ કરોડના ખર્ચે ૧૩૫ રેલ્વે ઓવરબ્રીજ બનાવાશેઃ ૭૫ ના કામો પ્રગતિમા

-નેશનલ હાઈવે પર આઠ ફલાય ઓવર

-ઘડુલી-સાતલપુર ને રૂ ૩૨૩કરોડ ના ખર્ચે શરૂ કરાયુ

-અમદાવાદ શંખેશ્વર ૨૦ કરોડના ખર્ચે ૧૦૩ કી.મી. પગદંડી બનાવાશે

-૧૧ તાલુકા સેવા સદન ૧૨૫ કરોડના કામો સહિત ૭૦૯ મકાનોના કામ રૂ ૪૪૪૭ કરોડ ખર્ચાશે

-છેલ્લા બે વર્ષમા ૫૯૫ કરોડના ખર્ચ ૨૨૮૫ ક્વાર્ટર નુ બાધકામ પૂર્ણ ૩૩૩ કરોડના ખર્ચે ૧૫૩૨ ક્વાર્ટરના કામો પ્રગતિમા

વિજ્ઞાનઃ-

-ભારત નેટ ફેજ-ટુ માટે રાજ્ય સરકારે gujarat fiber grid નેટવર્ક ની સ્થાપના કરેલ છે જે અંતર્ગત ૭૫૨૨ ગ્રામ પંચાયત ને આવરી લેવામાં આવશે. બાકીની પંચાયતોને ભારતનેટ ફેજ-૧ હેઠળ આવરી લેવામાં આવી છે.

-ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી માટે રાજ્ય સરકારે ગાંધીનગરમાં ૧૦ એકર જમીન ફાળવેલ છે.

સુશાસનઃ-

-સમગ્ર રાજ્યમાં આ વર્ષે ૨૨૭૭ સેવા સેતુ કાર્યક્રમ થકી ૪૬ લાખ નાગરિકોને એક જ સ્થળેથી જરૂરી વ્યક્તિલક્ષી સેવાઓ આપવામાં આવી છે.

-ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT)એપ્રિલ ૨૦૧૭ થી અત્યાર સુધી રૂપિયા ૯,૦૦૦ કરોડનું ચૂકવનુ થયેલ છે.

કાયદો અને વ્યવસ્થાઃ-

-દેશ વ્યાપી ક્રાઈમ અને ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક system project ગુજરાતને પ્રથમ સ્થાન મળેલ છે

-ઈ-ગુજકોપ પ્રોજેક્ટને દ્વઈમ્ બેસ્ટ પ્રેકટીસ એવોર્ડ મળેલ છે.

-સેફ એન્ડ સિક્યોર ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યના ૧૧૭૫ લોકેશન પર ૭૪૬૩ CCTV કેમેરા લગાડવામાં આવનાર છે.

-પોલીસ દળમાં આગામી વર્ષમાં ૯૭ ૧૩ જગ્યાઓ સીધી ભરતીથી ભરવામાં આવશે. જેમાં ૫૫૪ જેલ સિપાઈ નો સમાવેશ થાય છે

નાણાકીય વ્યવસ્થાપનઃ-

-રાજ્ય સરકારે કોઈ નવા વેરાનું ભારણ પ્રજા પર નાખ્યું નથી તેમ છતાં અનુપાલન અને વસૂલાતના અસરકારક પગલાના પરિણામે સરકારની આવકમાં ઉત્તરોત્તર વધારો થયો છે.

-વર્ષ ૨૦૧૬-૧૭ માં રાજ્ય સરકારની આવક ૬૪,૪૪૩ કરોડ હતી તે વર્ષ ૨૦૧૭-૧૮ માં વધીને ૭૧,૫૪૯ કરોડ થઈ છે.

પાણી પુરવઠોઃ-

-અમરેલી, ભાવનગર, પોરબંદર, ગીર સોમનાથ, દેવભૂમિદ્વારકા, કચ્છ ખાતે આઠ ડીસેલીનેશન પ્લાન્ટ સ્થપાશે

-સાત જીલ્લામા ૨૮૦૦ કરોડના ૧૦ પાણી પુરવઠા યોજના કામો પ્રગતિમા


-પોરબંદર જીલ્લા ના ૮૪ ગામ, ૪ શહેરો મા -રૂ ૧૧૮ કરોડના કામ પ્રગતિમા

-૧૩૫ કરોડના ખર્ચે અંજાર થી કુકમા બલ્ક પાઈપ લાઈન કામ પ્રગતિમા

-પાટણ જિલ્લામા ૪૮ ગામોમા ૯૪કરોડના કામો પ્રગતિમા

ગ્રામ વિકાસઃ-

-સ્વચ્છ ભારત ગ્રામીણ મિશન હેઠળ પાચ વર્ષમા ૩૦૫૬ કરોડ ખર્ચાયા



ધોલેરામાં વિશ્વનો સૌથી મોટો ૫૦૦૦ મેગાવોટનો સોલાર પાર્ક બનાવશે,'મા વાત્સલ્ય' યોજના માટે આવક મર્યાદા વધારીને રૂ.૪ લાખ અને રૂ.૫ લાખ સુધીની મફત દવા

માછીમારોને મળતી ડીઝલ સબસિડી ૧૨ રૂપિયાને બદલે ૧૫ રૂપિયા કરાઈ

રાજ્યની માથાદીઠ આવક દેશની માથાદીઠ આવક કરતાં ૫૪.૮% વધારે,દેશના જીડીપીમાં ૭.૮% હિસ્સો ગુજરાતનો

કેલિફોર્નિયાની કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો

સરહદી દીવાલ બાંધવા મામલે ૧૬ અમેરિકી રાજ્યોએ ટ્રમ્પ સામે અદાલતી દાવો માંડ્યો

જો દિવાલ માટે વધારે રકમ આપવામાં આવશે તો અન્ય જરૂરી કામ માટે પૈસા ક્યાંથી આવશે?: કેલિફોર્નિયા એટર્ની જનરલ

વૉશિંગ્ટન

મેક્સિકો સાથે દક્ષિણ ભાગની સરહદ પર એક દીવાલ બાંધવા માટે ભંડોળ એકત્ર કરવા રાષ્ટ્રીય ઈમરજન્સી ઘોષિત કરવાના અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રએ સોમવારે લીધેલા નિર્ણય સામે અમેરિકામાં જોરદાર વિરોધ ઊભો થયો છે. દેશના ૧૬ રાજ્યોએ કેલિફોર્નિયાની એક ફેડરલ કોર્ટમાં વહીવટીતંત્ર સામે દાવો માંડ્યો છે. ટ્રમ્પે ગયા શુક્રવારે ઈમરજન્સીની ઘોષણા કરી હતી. તે અનુસાર એમને સત્તા મળી છે કે તેઓ પેન્ટેગોનના લશ્કરી બાંધકામના બજેટ તથા અન્ય સ્રોત માટેનાં ભંડોળ પોતાના પાસે ડાઈવર્ટ કરી શકશે.

ટ્રમ્પ સરકાર વિરુદ્ધ ફરિયાદ કરનાર રાજ્યોની દલીલ છે કે ટ્રમ્પ સરકારે આ રીતે ઈમરજન્સી ઘોષિત કરીને બંધારણનું ઉલ્લંઘન કર્યું છે. રાજ્યોએ એવી પણ દલીલ કરી છે કે બંધારણ અનુસાર આ જાહેર ભંડોળના ઉપયોગ વિશેનો નિર્ણય લેવાની આખરી સત્તા કોંગ્રેસ (સંસદ) છે.

ટ્રમ્પ સરકાર સામે અદાલતમાં દાવો કરનાર રાજ્યો છેઃ કેલિફોર્નિયા, કોલોરાડો, કનેક્ટિકટ, ડેલાવેર, હવાઈ, ઈલીનોઈ, મેઈન, મેરીલેન્ડ, મિશિગન, મિનેસોટા, નેવાડા, ન્યૂજર્સી, ન્યૂમેક્સિકો, ન્યૂયોર્ક, ઓરેગોન અને વર્જિનિયા.

આ રાજ્યોએ ફરિયાદ કરી છે કે મેક્સિકો સરહદ પર દીવાલ બાંધવા માટે જાહેર ભંડોળનો ઉપયોગ કરતાં ટ્રમ્પ વહીવટીતંત્રને રોકવામાં આવે. રાજ્યોએ દલીલ કરી છે કે પ્રમુખ ટ્રમ્પે પોતાની મરજી મુજબનો નિર્ણય લીને દેશને બંધારણીય કટોકટી તરફ ધકેલી દીધો છે. સરહદ પર દીવાલ બાંધવા માટે ભંડોળ મેળવવાના પ્રમુખ ટ્રમ્પના પ્રયાસોને કોંગ્રેસે અનેક વાર અટકાવ્યા છે. આ વિવાદને કારણે દેશમાં સરકારી કાર્યાલયોમાં ઉપ-દિવસ સુધી આંશિક રીતે શટડાઉન આંદોલન પણ થયું હતું.

રાજ્યોએ વધુમાં કહ્યું છે કે સરહદ પર દીવાલ બાંધવા માટે ૧,૩૭૫ અબજ ડોલરનું ભંડોળ પ્રાપ્ત કરવા માટેના કાયદા પર પ્રમુખ ટ્રમ્પે સહી કરી છે, પણ કોંગ્રેસે સ્પષ્ટતા કરી છે કે આ ભંડોળનો ઉપયોગ ટ્રમ્પની સૂચિત સરહદીય દીવાલ બાંધવા માટે કરવો નહીં. ફરિયાદમાં જણાવાયું છે કે આંતરિક સુરક્ષા વિભાગ (ગૃહ મંત્રાલય)એ રાષ્ટ્રીય પર્યાવરણ નીતિ કાયદાનું ઉલ્લંઘન કર્યું છે.

મ.પ્રદેશના રાજ્યપાલ કુંભમાં સામેલ થવા પ્રયાગરાજ થઈ રહ્યા હતા

આનંદીબેન પટેલનું વિમાન અચાનક જ બગડ્યું, અકસ્માતનો ભોગ બનતા માંડ-માંડ બચ્યા

ભોપાલ

મધ્યપ્રદેશના રાજ્યપાલ અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અકસ્માતનો ભોગ બનતા માંડ-માંડ બચ્યા. રાજ્યપાલ કુંભ જવા માટે સરકારી વિમાન સ્ટેટ હેંગર પર વિમાનમાં બેઠા ત્યારે ટેક ઓફ લેતા સમયે વિમાનનું એન્જિન જામ થઈ ગયું. ત્યારબાદ તત્કાલ વિમાનને રોકી દેવામાં આવ્યું. બધા અચાનક ખૂબ જ ચિંતામાં એટલે પડી ગયા કે પ્લેને ઉડાન ભરી નહીં તો મોટો અકસ્માત સર્જાઈ શકયો હોત.

